ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# નગરમાં વાઈબ્રન્ટનો નવરંગી મિજાજ : રાત્રે રોશનીની ઝગમગાટ

## મુખ્ય માર્ગોના સેન્ટ્રલ વર્જને રોશનીથી શણગારાયા

## રોશનીની ઝાકમઝોળથી રાત્રિની રોનક નિખરી





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને રોશનીથી શણગારવામાં આવ્યું છે. સાંજ ઢળતાં જ નગરના મુખ્ય માર્ગોના સેન્ટ્રલવર્જમાં રંગબેરંગી રોશનીનો ઉજાસ પથરાય છે. વાઈબ્રન્ટને ધ્યાને લઈ સ્વર્ણિમ પાર્ક, મહાત્મા મંદિર ઉપરાંત અન્ય સરકારી બિલ્ડીંગોને પણ રોશનીની સજાવટ કરવામાં આવી રહી છે. સમગ્ર શહેરમાં વાઈબ્રન્ટના લીધે રાત્રિની રોનક નિખરી છે.

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સમગ્ર શહેર પણ

● અનુસંધાન પાન-૭ પર

# હવે તસ્કરો ગાંધીનગર કોર્ટમાં પણ ઘુસ્યા

## પાટનગરમાં તસ્કરો બેખોફ : શેડ પર ચઢીને બીજે માળ જઈ તસ્કરોએ ચિફ અને પ્રિન્સિપાલ કોર્ટ, સ્ટેનોગ્રાફર રૂમ અને કોમ્પ્યુટર રૂમના તાળા તોડયા : હિંમતવાન ચોરોનો ઈરાદો હજુ રહસ્યમય : મહત્વના રેકર્ડ કે ફાઈલ ચોરી અંગેની સ્કુટીની શરૂ કરાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર પોલીસ એક તરફ વાઈબ્રન્ટ બંદોબસ્તમાં વ્યસ્ત છે ત્યારે પાટનગરમાં તસ્કરો બેફામ બની ગયા છે. શાળાઓ, બંધ મકાનો તથા કપનીઓમાં હાથ ફેરો કરવાથી વધીને હવે તસ્કરોની હિંમત બમણી થઈ ગઈ છે અને ગાંધીનગર કોર્ટમાં ઘુસીને તાળા તોડી પોલીસના નાઈટ પેટ્રોલીંગ પર સવાલ ઉભો કર્યો છે. કોર્ટમાં બીજે માળ ચઢીને એક-બે નહી પરંતુ ચાર ચાર તાળા તોડી તસ્કરોએ પોલીસને લપડાક લગાવી છે. જો કે કોર્ટમાં ચોરી કરવા ઘુસેલા શખ્સોનો ઈરાદો હજુ સ્પષ્ટ થતો નથી. કોઈ માલ મત્તાની ચોરી દેખીતી રીતે જણાઈ આવી નથી પરંતુ રેકોર્ડ રૂમમાંથી કોઈ મહ્ત્વની ફાઈલો કે અન્ય રેકર્ડ ગુમ કરવામાં આવ્યા છે કે કેમ તે અંગે સ્કુટીની શરુ કરવામાં આવી છે. સે-૭ પોલીસે કોર્ટના કલાર્કની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને સેકન્ડ પી.આઈ. મીની જોસેફે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગત રાત્રિ દરમિયાન ત્રાટકેલા તસ્કરો કોર્ટમાં ઘુસ્યા બાદ વકીલોના ટેબલ ઉપર કરાયેલા શેડ પર ચઢી પહેલા માળે ગ્રીલ વચ્ચેથી લોબીમાં ગયા બાદ સીધા બીજા માળે ગયા હતા ત્યાં ગ્રીલના તાળા તોડીને ચિફ અને પ્રિન્સિપાલ કોર્ટના તાળા તોડયા બાદ સ્ટેનોગ્રાફર રૂમ તથા કોમ્પ્યુટર રૂમના તાળા તોડી એક તિજોરીનું પણ તાળુ તોડયું હતું. જો કે કોઈ માલ મિલ્કતની ચોરી થઈ નહીં હોવાનું જાણવા મળ્યું છે. જો કે કોઈ મહત્વની ફાઈલ કે રેકર્ડ ચોરી થઈ છે કે કેમ? તેની ચકાસણી કરવા સ્કુટીની કરવામાં આવી રહી છે. કેટલાક હાઈપ્રોફાઈલ કેસની ફાઈલો ગુમ નથી થઈ ગઈ ને? તે પણ તપાસ કરાઈ રહી છે. પોલીસ પણ ગોથે ચઢી ગઈ છે કે તસ્કરો કયો ઈરાદો લઈને કોર્ટના તાળા તોડી ગયા અને શું ઉઠાવી ગયા? ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત, ડોક સ્કવોર્ડ બોલાવી સે-૭ પોલીસે કોર્ટના કલાર્ક વિજયભાઈ ઠાકરની ફરિયાદને આધારે ઉંડી તપાસ શરુ કરી છે.

# ડીસ્ટ્રીકટ કોર્ટના બિલ્ડીંગમાં સલામતી વ્યવસ્થાના નામે મીંડુ : સીસી ટીવી કેમેરા પણ નથી

## ડીસ્ટ્રીકટ બાર એસોસિએશને સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવા રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાં યોગ્ય સલામતી વ્યવસ્થાના અભાવને વકીલોના લોકરો તુટવા સહીત ચોરીની ઘટનાઓ અવાર નવાર બને છે. આમ છતાં કોર્ટ બિલ્ડીંગમાં સી.સી. ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામા આવતી નથી. અગાઉ આ મામલે સ્થળ-સ્થિતિનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. ડીસ્ટ્રીકટ બાર એસોસિએશને કોર્ટ બિલ્ડીંગની સિકયુરીટી વ્યવસ્થા વધારવા ઉપરાંત સી.સી.ટી.વી. કેમેરાની વોચ રાખવા ઠરાવ કરી પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ જજને પણ રજૂઆત કરવામાં આવી છે.

ડીસ્ટ્રીકટ કોર્ટમાં યોગ્ય સિકયુરીટી પહેરાના અભાવે કોર્ટ બિલ્ડીંગની સલામતી સામે પ્રશ્ન ઉભો થયો છે. કોર્ટ ફરતી કમ્પાઉન્ડ વોલ પણ આસાનીથી કુદી શકાય તેમ હોવાથી ચોર ઈસમોને મોકળું મેદાન મળ્યું છે. ગાંધીનગર ડીસ્ટ્રીકટ બાર એસોસિએશનના પ્રમુખ સલીમ યુ. મોદને આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ ગઈ કાલે રાત્રે કોઈ ચોર ઈસમો દ્વારા કોર્ટ બિલ્ડીંગમાં પ્રવેશી ચીફ કોર્ટ તેમજ સિવિલ કોર્ટમાં બદ ઈરાદો પાર પાડવા તાળા તોડયા છે. અગત્યના ડોકયુમેન્ટની ચોરી થાય તેવી

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ રૂટ પર જાહેરનામા ભંગના અઢીસો કેસ નોંધાયા

## હોટલ-ગેસ્ટ હાઉસમાં રજીસ્ટર, સીસીટીવી, સીમકાર્ડ માટે રજીસ્ટર નીભાવણી અને ભાડુઆત અંગે જાણ ન કરવા બદલ એસઓજીએ બે મહિનામાં બોલાવ્યો સપાટો

ગાંધીનગર, તા. ૨

વાઈબ્રન્ટ ગુજરાત દરમ્યાન ગાંધીનગર ખાતે અનેક વીવીઆઈપી મહાનુભાવોના આગમન થનાર છે. ત્યારે અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધીના વાઈબ્રન્ટ રૂટ પર છેલ્લા બે મહિનાથી ગાંધીનગર એસઓજીનું સલામતીના કારણોસર સઘન ચેકીંગ ચાલી રહ્યું છે. આ રૂટની આસપાસના તમામ ખાનગી એકમો પર ચેકીંગ કરી સીસીટીવી કેમેરા ન લગાડનાર, હોટલ-ગેસ્ટ હાઉસમાં રજીસ્ટર મેઈન્ટન ન કરનાર તથા સિમકાર્ડનું રજીસ્ટર

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં સતત બીજા દિવસે વાતાવરણ વાદળછાયુ રહ્યું

## વાદળછાયા વાતાવરણ વચ્ચે તાપમાન વધ્યું : બેવડી ઋતુના કારણે વસાહતીઓ પરેશાન



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨

છેલ્લા બે દિવસથી ગાંધીનગરમાં વાતાવરણમાં બદલાવ આવ્યો છે. આકાશમાં વાદળો ઘેરાતા ઠંડીનું પ્રમાણ પણ ઘટયું છે અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. ગઈ કાલે ગાંધીનગર શહેરની આસપાસના કેટલાક વિસ્તારો અને દહેગામ, ચિલોડાના કેટલાક વિસ્તારોમાં આકાશમાં વાદળો ઘેરાયા બાદ કમોસમી વરસાદ પડયો હતો.

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

લોખંડી સુરક્ષા - નગરના પ્રવેશદ્વારો પર લોખંડી સુરક્ષા ઉભી કરાઈ છે... ઉચ્ચ પોલીસ અધિકારીઓની દેખરેખ હેઠળ પોલીસનો કાફલો તથા આધુનિક શસ્ત્ર સાથે સુરક્ષા કર્મીઓ પણ ગોઠવાયા છે... નગરના પ્રત્યેક વળાંકે અને પ્રત્યેક પ્રવેશદ્વારે જબરજસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે... જાણે કે ગાંધીનગર આખું પોલીસ છાવણીમાં ફેરવાયું હોય તેમ લાગે છે...

# સ્વર્ણિમ પાર્કની વોટરબોડી ફરતે કેમેરા ફીટ કરી દેવાયા

## ઘ-૪ના ટ્રાફીક આઈલેન્ડમાં પણ સી.સી.ટી.વી. કેમેરાના ટાવર ઉભા કરાયા

ગાંધીનગર, તા. ૨

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર પામેલા સ્વર્ણિમ પાર્કમાં સી.સી.ટી.વી. કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. પાર્કમાં સ્થિત વોટરબોડી ફરતે પણ સી.સી.ટી.વી. કેમેરા ફીટ કરી દેવાયા છે. આ ઉપરાંત ઘ-૪ સર્કલ આસપાસના ટ્રાફીક

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૫ સર્કલ ફરતે કેબલના ગુંચડા : નો વાઈબ્રન્ટ ઈફેકટ!

## લટકતા કેબલના લીધે કંગાળ ભાસતા સર્કલમાં પ્રતિમાની સફાઈ પણ થતી નથી



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧

વાઈબ્રન્ટને અનુલક્ષી નગરના તમામ સર્કલોને ન્યુ લૂક આપવામાં આવ્યો છે. રસ્તાઓના બ્યુટીફીકેશનની સાથે સર્કલોનું પણ સુશોભન કરવામાં આવ્યું છે. પરંતુ નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઘ-૫ સર્કલ હજુ પણ કંગાળ હાલતમાં છે. લટકતા વાયરોના ગુંચળાના લીધે આ સર્કલ 'કેબલ' સર્કલ બની ગયું છે. વાઈબ્રન્ટ ઈફેકટ વિહોણા સર્કલ ફરતે લટકતા કેબલો જોવા મળે છે. નગરના બ્યુટીફીકેશનની કામગીરીના અંતે પણ આ સર્કલમાં કોઈ સુધાર આવ્યો નથી.

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ને અનુલક્ષી નગરમાં રોડ ફર્નિચરની સાથે સર્કલોને પણ આકર્ષક બનાવી દેવાયા છે. શહેરના તમામ સર્કલોનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ દરમિયાન નગરની આગવી ઓળખ સમા આ સર્કલોને નવો લુક આપવા વિવિધ સંસ્થાઓ અને કોર્પોરેશનને કામ સોંપવામાં આવ્યું છે. પરંતુ સર્કલોના મામલે ઘ-૪થી આગળના વિસ્તારમાં હજુ પણ જુનું અને કંગાળ દશ્ય જોવા મળે છે. ઘ-૫ સર્કલમાં સ્થિત રવિશંકર મહારાજના સ્ટેચ્યુ ફરતે ૪ કેબલો લટકતા જોવા મળે છે. આ કેબલો હજુ પણ અન્ડરગ્રાઉન્ડ કરવામાં આવ્યા નથી. સર્કલની ચારેકોર વાયરોના ગુંચળા લટકતા નજરે પડે છે. જેના લીધે આ સર્કલનો દેખાવ પણ વાઈબ્રન્ટ ઈફેકટને અનુરુપ જોવા મળતો નથી. સી.સી.ટી.વી. કેમેરાને અનુલક્ષી લગાવાયેલા કેબલો લાંબા સમયને અંતે પણ યથાવત સ્થિતિમાં છે.


સ્વ.મનોજભાઈ જયસુખરાય પંડ્યા

સ્વ. તા. -૩-૧૨-૨૦૧૪ (મહાલક્ષ્મી મંડપ)



શ્રી રાવલ મંડપ
નાગણેશ્વરી મંડપ
સિધ્ધેશ્વરી મંડપ
શ્રી પુજા મંડપ
હેતલ મંડપ
શુભ લક્ષ્મી મંડપ
વિજય મંડપ
મારૂતી મંડપ
પ્રસંગ મંડપ
બ્રહ્માણી મંડપ
બજરંગ મંડપ
ખોડલ મંડપ
ન્યુ હેતલ મંડપ
ગાયત્રી મંડપ
અજય મંડપ
અભય મંડપ
પટેલ મંડપ
પરંપરા પાર્ટીપ્લોટ
ડાયમંડ ગ્રુપ
શિવમ હોલ
દવે સાઉન્ડ
જય અંબે સાઉન્ડ
શીતલ લાઈટ
એસ.વી.લાઈટ
સુરેશ લાઈટ
રોશની લાઈટ
શુભ લાઈટ
શ્રીજી લાઈટ
જલારામ ફેબ્રીકેશન

નિખાલશ
નિરાભિમાની
હસમુખો સ્વભાવ
હંમેશા યાદ રહેશે...

શંકર લાઈટ
તોરણ કેટરર્સ
ઉપાધ્યાય કેટરર્સ
ભદ્રકાળી કેટરર્સ
ગોપાલ કેટરર્સ
અંજલી કેટરર્સ
સિધ્ધી કેટરર્સ
રાજ કેટરર્સ
તુલસી કેટરર્સ
ગુલાબ કેટરર્સ
યશ વાશણ ભંડાર
રાધે સ્વીટમાર્ટ
ઉમીયા રસ
ગૌરાંગ પટેલ (જનરેટર)
રાકેશ પટેલ (મીનરલ વો)
અરવિંદ પટેલ (ગા.ના.બેંક)
વલ્કેશભાઈ (અમદાવાદ)
અલ્કેશભાઈ રામી
અશોકભાઈ જયસ્વાલ
હિતેસ રાવલ (D.G.P)
પિનાકીન રાવલ
અશ્વીન ત્રીવેદી
પ્રિતેશ વ્યાસ
મહેન્દ્રભાઈ વ્યાસ
નરેન્દ્ર વ્યાસ
શૈલેશભાઈ શાહ
મહાકાલી કેટરર્સ (રામચંન્દ્ર)
મહાકાલી કેટરર્સ (કુકરવાળા)

સગીત શ્રધ્ધાંજલિ સુરેશ રત્નોત્તર ધ્વારા...
તા.૩-૧-૨૦૧૫ રાત્રે ૮ કલાકે
સ્થળ :- બ્રહ્માનવન સે.૧૫


# ફરાર આતંકવાદીઓના ફોટા પોસ્ટર ગાંધીનગરની દિવાલો પર

## મધ્યપ્રદેશની જેલમાંથી ભાગેલા છ આતંકવાદીઓ ક્યાંય દેખાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અનુરોધ : એસઓજીએ જાહેર સ્થળોએ પોસ્ટરો ચિપકાવ્યા

ગાંધીનગર, તા. ૨

મધ્યપ્રદેશની જેલમાંથી સીમીના છ આતંકવાદીઓ ભાગી ગયા હતા. આ આતંકવાદીઓ હાલ આઝાદ ફરે છે. દેશ-વિદેશની મહાન હસ્તીઓ વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન ગાંધીનગર આવનાર છે ત્યારે આ આતંકવાદીઓનો આગામી ટાર્ગેટ ગાંધીનગર પણ હોઈ શકે..! સાવધાનીના ભાગરૂપે જેલમાંથી ભાગેલા તમામ છ આતંકવાદીઓના ફોટા પોસ્ટર બનાવી ગાંધીનગર એસઓજી દ્વારા દિવાલો પર ચિપકાવી દેવામાં આવ્યા છે. આ શખ્સો ક્યાંય નજરે પડે તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com